રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૯૭ કેસ, ૧૭ના મૃત્યુ

રાજ્યમાં ૧૪૮૮૪ હાલ એક્ટિવ કેસ : અમદાવાદ કોર્પોરેશનમાં ૧૪૪ અને જિલ્લામાં ૧૯ કેસ નોંધાયા : કુલ મૃત્યુઆંક ૨૯૪૭

ગાંધીનગર,તા.૨૬ રાજ્યમાં ૨૪ કલાકમાં ૭૭૯૪૯ ટેસ્ટ કરોનાના કરવામાં આવતા ૧૧૯૭ પોઝિટિવ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૯૦ હજારને પાર થઈ ૯૦૧૩૯ થયો છે. રાજ્યમાં આજે ૧૦૧૧ દર્દી ડિસ્ચાર્જ કરાયા હતા. કુલ ડિસ્ચાર્જનો આંકડો ૭૨ હજારને પાર થઈ ૭૨૩૦૮ થયો છે.રાજ્યમાં આજની સ્થિતિએ ૧૪૮૮૪ એક્ટિવ કેસ છે. જેમાં ૮૬ વેન્ટીલેટર અને ૧૪૭૯૮ સ્ટેબલ છે. રાજ્યમાં આજે કોરનાનો માર્ચ મહીનાથી શરુ થયેલો સીલસીલો અટકવાનું નામ નથી લેતો. રાજ્યમાં અત્યાર સુધીમાં ૧૯,૬૯,૭૨૪ ટેસ્ટ કોરોનાના કરવામાં આવ્યા છે.રાજ્યમાં આજની સ્થિતિએ ૪૭૭૦૩૮ વ્યક્તિઓને ક્વોરોન્ટાઈન કરાયા છે. જે પૈકી ૪૭૬૩૭૨ વ્યક્તિઓ હોમ ક્વોરોન્ટાઈન અને ૬૬૬ ફેસીલીટી ક્વોરોન્ટાઈન કરાયા છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ કોવિડ-૧૯ના લીધે ૧૭ મોત થયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૪ અને ગ્રામ્યમાં ૧, સુરત કોર્પોરેશનમાં ૨ અને ગ્રામ્યમાં ૨, રાજકોટ કોર્પોરેશનમાં ૨ અને ગ્રામ્યમાં ૨, વડોદરા કોર્પોરેશનમાં ૨,દાહોદ અને ગીર સોમનાથમાં ૧-૧ મોત કોરોનાને લીધે થયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૪ અને જિલ્લામાં ૧૯ સાથે ૧૬૩ કેસ નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૩૦૬૮૫ થયો છે. આજે વધુ ૫ મોત સાથે કુલ મૃત્યુઆંક ૧૬૯૭ થયો છે. સુરત શહેરમાં ૧૬૮ અને જિલ્લામાં ૮૫ સાથે ૨૫૩ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો સુરતમાં ૧૯૧૪૮ થયો છે. આજે વધુ ૪ મોત નોંધાતા મૃત્યુઆંક ૬૧૩ થયો છે. વડોદરા શહેરમાં ૯૦ અને જિલ્લામાં ૩૪ સાથે ૧૨૪ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૭૫૬૨ થયો છે. આજે વધુ ૨ મોત સાથે ૧૨૪ મોત થયા છે. રાજકોટ શહેરમાં ૭૭ અને જિલ્લામાં ૨૨ સાથે ૯૯ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતનો આંકડો ૪૨૪૩ થયો છે. આજે વધુ ૪ મોત નોંધાતા કુલ મૃત્યુઆંક ૮૨ થયો છે.

પ્રાંતિજના પીઆઇ પી.એલ. વાઘેલા દ્વારા નેશનલ હાઈવે ઓથોરીટીને પત્ર

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એલ. વાઘેલા દ્વારા નેશનલ હાઈવે ઓથોરીટીને રોડ ઉપર પડેલ ખાડા તથા રોડ વચ્ચે પડેલ પિલ્લરો હટાવવા તથા પિલ્લરો ઉપર રેડીયમ લગાવવા તથા ડાયવર્ઝન ઉપર પણ રેડીયમ લગાવવા લેખિતમાં રજૂઆત કરી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એલ. વાઘેલા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનની હદમાં આવતી હોટલ આશીર્વાદથી મજરા ચોકડી સુધી રોડનું કામ ચાલુ હોય બન્ને સાઈડોમાં ખોદકામ કરેલ છે અને હાલ રોડના કામને લઈને બીજી બાજુ વરસાદને લઈને હાઈવે આઠ ઉપર ઠેરઠેર પડી ગયેલા મસમોટા ખાડાઓને લઈને તથા રાત્રીના અકસ્માતોમાં વધારો થતાં હાઈવે ઓથોરીટીને પત્ર લખી જાણ કરવામાં આવી છે જેમાં હાઈવે ઉપર પડેલા ખાડાઓને તાત્કાલિક ધોરણે સમારકામ કરાવવું તેમજ રોડ ઉપર પડેલ વધારાનું ડામર તથા કપચીનો વેસ્ટ કચરો ખસેડી લેવો તથા રોડ ઉપર પડેલા આડા અવરા પિલ્લરો લઈ લેવા તથા રોડ ઉપર ઉભા કરેલ પિલ્લરો રાત્રીના સમયે જોઇ શકાય તે માટે રેડીયમ મારવું તથા જે જગ્યાએ ડાયવર્ઝન આવે છે ત્યા પણ રાત્રીના સમયે દેખી શકાય તે માટે રેડીયમવાળા બોર્ડ મુકવા અને રોડ ઉપર પડેલ ખાડા કે રોડ ઉપર પડેલ પિલ્લરોને લઈને અને જો કોઈ અકસ્માત થશે તો જવાબદાર વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે જેની નોધ લેવી.

આંતરરાજ્ય વાહન ચોરી કરતી ગેંગનો પર્દાફાશ

મેઘરજ પોલીસે ઉડવા નજીકથી ચોરેલ ટ્રકનું પાયલોટિંગ કરતી સ્વીફ્ટ કારમાંથી ૧ ને દબોચ્યો ટ્રક કબ્જે કર્યો, ત્રણ ફરાર

મોડાસા, તા. ૨૬ રાજસ્થાન-ગુજરાતમાં નાના-મોટા વાહનોની ચોરી કરતી આંતરરાજ્ય અનેક ગેંગ સક્રિય છે. અરવલ્લી જીલ્લા નવનિયુક્ત એસપી સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસિયા માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર અસામાજિક પ્રવૃતિઓ અટકાવવા તત્પર બન્યું છે. મેઘરજ પોલીસે ઉડવા ચેકપોસ્ટ નજીકથી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ હાથ ધરતા શંકાસ્પદ ઝડપ સાથે પસાર થતી સ્વીફ્ટ કારને અટકાવતા એક શખ્સ ઉતરીને રફુચક્કર થઈ ગયો હતો. પોલીસે કારચાલકની આગવી ઢબે પૂછપરછ કરતા સ્વીફ્ટ કારમાં રાજસ્થાનમાંથી ચોરેલ ટ્રકનું પાયલોટિંગ કરવામાં આવતું હોવાનું પર્દાફાશ થયો હતો. સ્વીફ્ટ કારને પોલીસે અટકાવતા પાછળ આવી રહેલ ચોરેલ ટ્રક સાથે રહેલ ગેંગના સાગરીતો રોડ પર ટ્રક મૂકી ફરાર થઈ જતા મેઘરજ પોલીસે

રાજસ્થાનમાંથી ચોરેલ ટ્રક કબ્જે લઈ આંતરરાજ્ય વાહનચોરી કરતી ગેંગના એક સભ્યને જેલના સળિયા પાછળ ધકેલી દઈ ત્રણ શખ્સોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મેઘરજ પીઆઈ જે.પી. ભરવાડ અને તેમની ટીમે ઉડવા બોર્ડર પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતાં રાજસ્થાનમાંથી ચોરી કરી ગુજરાતમાં વેચાણ અર્થે આવતી આંતરરાજ્ય વાહન ચોરી કરતી ગેંગનો પર્દાફાશ થયો હતો. રાજસ્થાનના ચિતોડગઢ જીલ્લાના ચંદેરીયા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ચોરી કરેલ ટ્રક સાથે આવી રહેલ પાયલોટિંગ કરતી સ્વીફ્ટ કારમાંથી ગેંગના રતનલાલ ભંવરલાલ ગુર્જર (રહે, બોજુંદા-ચિતોડગઢ)ને ઝડપી લેતા પાછળ ચોરી કરેલ ટ્રકને લઈને આવી રહેલા ભગવંતસીંગ અને અન્ય શખ્સને જાણ થતા ભગવતસિંહ ઉડવા નજીક રોડ પર ચોરેલ ટ્રક મૂકી ફરાર થઈ જતા પોલીસે ચોરેલ ટ્રક કબ્જે લઈ રતનલાલ ભંવરલાલ ગુર્જરને જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. મેઘરજ પોલીસે સ્વીફ્ટ કાર, ટ્રક, મોબાઇલ, રોકડ રકમ મળી કુલ રૂ.૧૫૦૫૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સ્વીફ્ટ કારમાં રતનલાલ સાથે રહેલ ગેંગનો શખ્સ, રોડ ટ્રક પર મૂકી ફરાર થઈ જનાર ભગવતસીંગ અને અન્ય શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અમદાવાદમાં વટવા જીઆઈડીસી ખાતે ઔદ્યોગિક સલામતી અભિયાન

અમદાવાદ, તા. ૨૬ અમદાવાદમાં ઔદ્યોગિક સલામતી વધારવા માટે ૧૭ ઓગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર દરમિયાન શ્રમ અને રોજગાર વિભાગના નિયામક ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય દ્વારા ''સલામતી માસ''ની ઉજવણી કરાઈ રહી છે જે અંતર્ગત અમદાવાદના વટવા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી માતંગી ઈન્ડસ્ટ્રીઝ એલએલપી ખાતે ઓન સાઈટ ઈમર્જન્સી મોકડ્રિલનું આયોજન કરાયું.

જેમાં ઈથિલિન ઓકસાઈડના સ્ટોરેજની સપ્લાય લાઈનમાં લીકેજનું મોક રિહર્સલ કરવામાં આવ્યું. જે દરમિયાન ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યના અધિકારીઓ સાથે શ્રમ અધિકારી, ફાયર વિભાગના અધિકારી તેમજ અન્ય જોખમી ઔદ્યોગિક એકમોના સલામતી અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. મોકડ્રિલ દરમિયાન રહેલી ત્રુટીઓની વિસ્તારપૂર્વક ચર્ચા કરીને તે ત્રુટીઓ ભવિષ્યમાં બીજીવાર ન થાય તે માટેના સુધારાત્મક પગલાં સૂચવવામાં આવ્યા હતા.

આજથી આરંભાતા વેબ નાટ્ય ફેસ્ટિવલમાં ગાંધીનગરના કલાકારોના નાટકની પસંદગી

કેન્દ્ર સરકારના પશ્ચિમ સાંસ્કૃતિ કેન્દ્ર દ્વારા ચાર દિવસ વેબ નાટ્ય ફેસ્ટિવલનું આયોજન : ચાર રાજ્યોના નાટકો પસંદગી પામ્યાં જેમાં એક ગુજરાતનું નાટક : રવિવારે સવારે ૧૧ કલાકે ગાંધીનગરનું નાટક પ્રસારિત થશે

ગાંધીનગર, તા. ૨૬ ગાંધીનગર હવે માત્ર ગુજરાતના રાજકીય પાટનગરની ઓળખ ધરાવતુ શહેર નથી રહ્યું પરંતુ કલા, અભિનય અને સાંસ્કૃતિક ક્ષેત્રે એક આગવી છબી વિકસાવી રહેલુ શહેર બની રહ્યું છે. ગાંધીનગરના તમ્નાના કલાકારો હવે માત્ર સ્થાનિક જ નહી પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મંચ ગજાવતાં જોવા મળી રહ્યાં છે અને કોરોના કાળમાં પણ તેમની પ્રતિભા વધુને વધુ ખિલી રહી છે. ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય સંચાલિત પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા આયોજિત આવતીકાલે શરૂ થઈ રહેલા એક ખાસ ''વેબ નાટ્ય ફેસ્ટિવલ''માં કુલ ચાર રાજ્યોના એક એક નાટકનું પ્રસારણ થવાનુ છે જેમાં ગાંધીનગરના કલાકારોનુ નાટક ''પુરાની પ્રેમકહાની'' પસંદગી પામ્યું છે જેના પગલે શહેરના રંગમંચ ક્ષેત્રે આનંદની લહેર પ્રસરવા પામી છે.

કેન્દ્ર સરકાર આયોજિત ''વેબ નાટ્ય ફેસ્ટિવલ''નો પ્રારંભ તા. ૨૭મી ઓગષ્ટ ગુરૂવારથી થઈ રહ્યો છે. જે તા. ૩૦મી ઓગષ્ટ સુધી ચાલશે. ચાર દિવસ દરમ્યાન દરરોજ એક લેખે ચાર રાજ્યોના ચાર નાટકો ફેસબૂક અને યુ ટ્યુબ જેવા માધ્યમથી પ્રસારિત કરવામાં આવશે જેમાં ગુજરાતનુ જે નાટક પસંદગી પામ્યું છે તેનું સર્જન ગાંધીનગરના વરેણ્યમ ફાઉન્ડેશનના નેજા હેઠળ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી જેઓ નાટકના લેખક, નિર્દેશક અને નિર્માતા છે તેવા જીગર રાણા દ્વારા કરવામાં આવ્યું છે. હિન્દી ભાષામાં રજૂ થનારા આ નાટકમાં ગાંધીનગરના યુવા કલાકારો અભિનયના અજવાળા પાતરી રહ્યાં છે અને નાટકમાં દિગ્દર્શક નીરવ પરમારે કર્યુ છે. આ ઉપરાંત વેબ નાટ્ય ફેસ્ટિવલમાં રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગોવાના નાટકોની પસંદગી થવા પામી છે. આ નાટકોનું પ્રસારણ wzcc ના ફેસબુક પેજ તથા wzccudaipur તેમજ આજ નામની યુ-ટ્યુબ ચેનલ પરથી કરવામાં આવશે. ગાંધીનગરનું નાટક વેબ નાટ્ય ફેસ્ટિવલના અંતિમ દિવસે તા. ૩૦મી ઓગષ્ટ રવિવારના રોજ સવારે ૧૧ કલાકે પ્રસારિત કરાશે.

નાટકના તમામ કસબીઓ ગાંધીનગરના..!!

વેબ નાટ્ય ફેસ્ટિવલમાં પસંદગી પામેલ ગાંધીનગરના હિન્દી નાટક ''પુરાની પ્રમકહાની''નો પ્રારંભ રોમેન્ટીક રમૂજ સાથે થાય છે. આ નાટકના લેખક-દિગ્દર્શક-નિર્માતા જીગર રાણા ઉપરાંત સહ દિગ્દર્શક નીરવ પરમાર અને કલાકારો નીરવ પરમાર, દિવ્યકાંત વર્મા, શ્રેય મારડીયા, ચાર્મી હરડે, કરિશ્મા પાટડીયા અને પ્રાચિ પારેખ વગેરે ગાંધીનગરના છે. એક કલાકની સમય લંબાઈ ધરાવતુ આ નાટક માત્ર આઠ જ દિવસની ત્વરિત મહેનતના સહારે તૈયાર કરવામાં આવ્યું છે જે ગાંધીનગરનું નામ રાષ્ટ્રીયકક્ષાએ ઉજાગર કરશે.

વેબ નાટ્ય ફેસ્ટિવલનું શિડ્યુલ

વેબ નાટ્ય ફેસ્ટિવલના પ્રથમ દિવસે એટલે કે તા. ૨૭મીએ જયપુરના રાજેન્દ્ર પાયલ લિખીત અને દિગ્દર્શિત નાટક 'પુરૂષ' પ્રસ્તુત થશે. આ પછી તા. ૨૮મીએ મુંબઈનું 'ફનેશ્વર નાથ' દ્વારા લિખિત અને પ્રીતા ઠાકુર દ્વારા દિગ્દર્શિત નાટક 'સિરપંચમી કા સગુન', તા. ૨૯મીએ ગોવાનું સતીશ દેસપાંડે લિખિત અને દિગ્દર્શિત નાટક ''યાત્રા'' અને અંતિમ દિવસે તા. ૩૦મીએ ગાંધીનગરનું નાટક ''પુરાની પ્રમકહાની'' રજૂ થશે.

ચરૂ જેવી સ્થિતિ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારમાં મનપાએ હજુ તેની સેવાનો પ્રારંભ કર્યો નથી એટલુ જ નહિ મનપા પાસે હાલ સફાઈ સિવાય અન્ય કોઈ સેવા પણ સરકારે સોંપી નથી. જે ગ્રામ્ય વિસ્તારો ભેળવવામાં આવ્યા છે તેમાં પણ વિરોધની લાગણી એટલી જ તીવ્ર બની રહી છે ત્યારે આગામી દિવસો ભાજપ માટે આકરા ચઢાણ પુરવાર કરશે તેમ મનાઈ રહ્યું છે.

વધુ ૧૮ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાટમાંથી ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કોબામાંથી એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણ પણ હવે કોરોના માટે હોટસ્પોટ બની ચુક્યુ છે. આજે સરગાસણમાંથી વધુ ૨ કેસ મળી આવ્યા છે. સરગાસણમાંથી ૬૦ વર્ષીય પુરૂષ અને ૫૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. પેથાપુર ગામેથી એક ૪૦ વર્ષીય યુવકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ખોરજ ગામેથી ૩૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગાંધીનગર તાલુકામાં જે રીતે કોરોનાના કેસો મળી રહ્યા છે તેણે તંત્રની પોલ ખોલી નાખી છે. સેમી અર્બન વિલેજ તરીકે વિકસેલા ગામો ઉપરાંત વેપારી મથક તરીકે ઓળખાતા રાંધેજા તેમજ પ્રવાસન સ્થળ અડાલજના કેસોની સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે. કલોલમાં ગ્રામ્ય વિસ્તારમાંથી બે અને અર્બન વિસ્તારમાંથી બે કેસ મળી આવેલ છે. મળતી વિગતો પ્રમાણે છત્રાલમાંથી એક ૯૫ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વૃદ્ધા કેવી રીતે સંક્રમિત થયા તેને લઈ તંત્રએ વિગતો મેળવવાની શરૂ કરી હોવાનું જાણવા મળેલ છે. સાંતેજમાંથી ૩૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી એક ૬૮ વર્ષીય મહિલા તેમજ ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. માણસા અર્બન વિસ્તારમાંથી એક ૪૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલ છે. માણસા શહેરમાં કોરોનાના કેસો ૭૦ની સંખ્યાને પાર કરી જતાં તંત્રની ચિંતા વધી છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૨ દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૩૦૨ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ ગયા છે. જિલ્લામાં હાલ ૧૩૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૬,૧૨૨ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

બસ સેવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાભ લઈ રહ્યા છે. કોરોના કાળમાં છેલ્લા પાંચ મહીનાથી આ રૂટમાં વાહન વ્યવહાર ઠપ્પ થઈ ગયો હતો. જયારે હવે ધીમે ધીમે આ રૂટમાં અવરજવર માટે ટ્રાફિક પણ મળી રહ્યો છે. અત્યાર સુધી એસ ટી બસ સેવાને શહેરી બસ સેવામાં પણ પુરતો ટ્રાફિક મળતો ન હતો જયારે લોકડાઉનના સમયગાળા દરમિયાન એસ ટીએ મોટી આર્થિક ખોટ સહન કરવાનો વારો આવ્યો હતો જયારે કોરોનાની મહામારીના પાંચ મહીનાના અંતે પણ હજુ એસ ટી બસના પૈડા પાટે ચઢયા નથી અલબત્ત એસ ટી નિગમને પુરતી આવક થતી નથી કોરોનાના કહેર વચ્ચે હજુ પણ નાગરિકો બસસેવાનો ઉપયોગ ટાળી ખાનગી વાહનોમાં જવાનુ પસંદ કરે છે. જેના લીધે એસ ટી બસમાં પુરતો ટ્રાફિક મળતો નથી.

નોટીસ ફટકારી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે આ શૈક્ષણિક સંસ્થાઓમાં નિયુક્ત કરાયેલ ૮૪૧ અધિકારીઓ જે નોડલ અધિકારી છે તેમને ખાસ તાલિમ પણ તંત્ર દ્વારા આપવામાં આવી છે. જેથી આગામી દિવસોમાં મચ્છરોની ઉત્પત્તિને અટકાવી શકાય. ગઈકાલે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે મળેલ આરોગ્યની સંકલન સમિતિમાં સર્વેલન્સ અને એન્ટી લાર્વેલની કામગીરીને લઈ અપાયેલી ખાસ સૂચનાઓ પછી તંત્રએ આજે પળનોય વિલંબ વિના આ કામગીરી હાથ ધરી હતી. જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓમાંથી જ આટલા બધા સ્થાનો પરથી મળેલા બ્રિડીંગને પગલે તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ ગઈકાલે મળેલ બેઠકમાં રોડમેપ રજુ કર્યો હતો પરંતુ તંત્રની હાલની કોવિડ-૧૯ના સંક્રમણની સ્થિતિને લઈ સર્વેલન્સની કામગીરી ધીમીગતિએ ચાલતી હોવાનો મુદ્દો રજુ થયો હતો પરંતુ કલેક્ટરે હાલનું વાતાવરણ મચ્છરોની ઉત્પત્તિ માટે અત્યંત સાનુકૂળ હોવાની વાતને સ્વીકારી સર્વેલન્સને અગ્રતા આપવાની સૂચના આપી હતી.

નવા ૧૨ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૬ માં રહેતા અને માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ફરજ બજાવતા એક ૫૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારના બે સભ્યોને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૬ માંથી પણ વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૨૬ માં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે સૌથી વધુ કન્ટેનમેન્ટ ઝોન પણ આ સેક્ટરમાં છે. તંત્રએ આ સેક્ટરમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે. અમદાવાદ ખાતે શિક્ષકની નોકરી કરતા અને સે. ૨૬ માં રહેતા એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ શિક્ષક પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૬ માંથી બીજો કેસ ૭૦ વર્ષીય ગૃહીણીનો આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ આ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૮ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૨૮ માં કેસોની સંખ્યા જે રીતે વધી રહી છે તેને લઈ તંત્ર ચિંતીત બન્યુ છે. સુરેન્દ્રનગર ખાતે આચાર્ય તરીકે સેવાઓ આપતા અને સે. ૨૮ માં રહેતા એક ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ આચાર્યને સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તંત્રએ આચાર્યના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. આ ઉપરાંત આજ સેક્ટરમાંથી એક ૪૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને પણ સારવાર માટે આશ્કા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ ગૃહીણીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સેક્ટર-૨ માંથી એક ૮૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ મહિલાના પરિવારના બે સભ્યોને ક્વોરોન્ટાઈન કર્યા છે. ખાનગી વિમા કંપનીમાં બ્રાન્ચ મેનેજર તરીકે સેવાઓ આપતા અને સે. ૧૩ માં રહેતા એક ૩૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બ્રાન્ચ મેનેજરને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૪ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૩ માં રહેતા અને કુડાસણ ખાતે હોટલ સંચાલક તરીકે ધંધો કરતા એક ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ હોટલ સંચાલકે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ હોટલ સંચાલકના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૩૦ માં રહેતા અને અરણ્યભવનમાં કર્મયોગી તરીકે સેવારત એક ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાને પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ યુવાનના પરિવારના સાત સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૨૭ માંથી એક ૪૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ મહિલાના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. સે. ૩ માંથી એક ૪૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ઈન્ફોસીટી ખાતે કોમ્પ્યુટર ઓપરેટર તરીકે તેઓ નોકરી કરતા હોવાનુ જાણવા મળેલ છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૯ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. મળતી વિગતો પ્રમાણે શહેરમાં હાલ ૧૪૨ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. તંત્રએ આજે વધુ ૩૪૧ લોકોને ક્વોરોન્ટાઈન કર્યા છે. શહેરમાં હાલ ૧૯૦ જેટલા કન્ટેનમેન્ટ જોન છે. શહેરમાં વધતા જતા કેસોને લઈ તંત્રએ શહેરમાં સઘન સર્વેલન્સ તેમજ કન્ટેનમેન્ટ ઝોનના અમલીકરણમાં સખ્ત વલણ અપનાવવાનો નિર્ણય કર્યો છે. શહેરમાં લોકલ ટ્રાન્સમિશન છે કે કોમ્યુનીટી ટ્રાન્સમિશન તેને લઈ તંત્ર હજુ દ્વિધાભરી સ્થિતિમાં છે.

મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

ગોળો, કંઈ કેટલીય અવનવી વસ્તુઓ જોવા મળી. મઝા પડી ગઈ. બધું જોવા માટે તો સ્પેશ્યલ દિવસ ફાળવવો પડે એટલી અજાયબીઓ અહીં છે. જીવનમાં ફરીવાર મોકો મળશે તો જરુર જોઈશું. પ્રવાસમાં જો ખરીદી ના હોય તો અડધી મઝા મારી જાય. બધા ઘુસ્યા એક સાડીના સ્ટોરમાં . સાડીઓ ખરીદાઈ, ડ્રેસ ખરીદાયા. બાજુના સ્ટોરમાંથી અગરબત્તીઓ ખરીદાઈ. ભાઈઓ ક્યાંય પેંટ શર્ટ કેમ ખરીદતા નહીં હોય એની ખબર પડતી નથી.(જો કે રામેશ્વરમાં મેં અને મધુમામાએ જર્સી ખરીદી હતી.) બેત્રણ દિવસ રહેવું પડે. શું આ જીવનમાં એવો મોકો મળશે ખરો.

યુવકની ધરપકડ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આપી શક્યો. તેના પાસેથી એક પેપર મળી આવ્યું છે. જે એક કોડવર્ડમાં છે. આ ઉપરાંત તેની પાસેથી બે ઓળખપત્ર પણ મળી આવ્યા છે. જેમાં એક આધારકાર્ડ અને એક ડ્રાઈવિંગ લાઈસન્સ છે. જે બન્નેમાં તેના નામ અલગ-અલગ છે. ડ્રાઈવિંગ લાઈસન્સમાં તેનું નામ ફિરદોશ છે. જ્યારે આધારકાર્ડમાં મંજૂર અહમદ અહંગર દર્શાવ્યું છે.

પ્રવાસ ન ખેડવા...● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ડિયન ટુરિઝમ એન્ડ હોસ્પિટાલિટી સંઘ (ह्लछ्ँ्ॐ)એ ભારત સરકારને અરજી કરી છે કે તે અમેરિકા સરકાર પાસેથી ટ્રાવેલ એડવાઈઝરીને બદલવા માટે દબાણ કરે. ફેથે કહ્યુ કે સરકાર આને પ્રાથમિકતાના આધારે ઉઠાવે જેથી દેશ વિશે બની રહેલી નકારાત્મક છબીને રોકવામાં આવી શકે. ફેથે કહ્યુ કે આ સમય પર્યટન ઉદ્યોગ કોરોના મહામારીના કારણે ગંભીર સંકટમાંથી પસાર થઈ રહ્યો છે અને જલ્દી જ ભારતમાં આ ઉદ્યોગ ફરીથી શરૂ કરવા જઈ રહ્યા છે. ૨૩ ઓગસ્ટે જારી આ ટ્રાવેલ એડવાઈઝરીમાં ભારત સિવાય પાકિસ્તાન, સીરિયા, યમન, ઈરાન અને ઈરાક જેવી હિંસા પ્રભાવિત દેશોને સામેલ કરવામાં આવ્યા છે.

ગરમાયું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અહેવાલમાં એવું કહેવામાં આવ્યું છે કે ત્યાં શાળાઓ ખોલવા સાથે જ લગભગ ૯૭૦૦૦ બાળકોને કોરોનાનો ચેપ લાગ્યો હતો. જો અહીં આવું થાય તો આપણે શું કરીશું? તે જ સમયે, પંજાબના મુખ્યપ્રધાન કેપ્ટન અમરિંદરસિંહે કહ્યું કે આપણે બધા જેઓ આ બેઠકનો ભાગ છે, બધાએ સુપ્રીમ કોર્ટમાં જવું જોઈએ અને આ પરીક્ષાઓ મુલતવી રાખવા અરજીઓ દાખલ કરવી જોઈએ.

પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનર્જીએ પણ કેપ્ટનના નિવેદનને સમર્થન આપ્યું હતું અને સુપ્રીમ કોર્ટમાં જવાની હિમાયત કરી હતી. કેપ્ટન અમરિંદર સિંહને ટેકો આપતા મમતા બેનર્જીએ કહ્યું હતું કે હું બધી રાજ્ય સરકારોને વિનંતી કરું છું કે આપણે મળીને આ કરવું જોઈએ. આપણે એક સાથે સુપ્